પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૪ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૬ | ૧૭ ડિસેમ્બર, ૨૦૧૬, શનિવાર ; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# પેટ્રોલ-ડીઝલની કિંમતમાં જંગી વધારો

## પેટ્રોલમાં રૂપિયા ૨.૨૧ અને ડીઝલમાં ૧.૭૯નો વધારો : વેટ અને સેલ્સ ટેક્સ રાજ્ય પ્રમાણે ઉમેરાશે



નવીદિલ્હી,તા. ૧૬

નોટબંધીના કારણે પહેલાથી જ પરેશાન થયેલા લોકો ઉપર વધુ એક બોજ આજે ઝીંકી દેવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર વધારો કરવામાં આવ્યો હતો. વેટ અને રાજ્યોના અન્ય ટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં ૨.૨૧ અને ડિઝલની કિંમતમાં પ્રતિલીટર ૧.૭૯ સુધીનો વધારો આજે કરવામાં આવ્યો હતો. જો કે, વેટને લાગૂ કરવામાં આવ્યા બાદ ગુજરાતમાં આ વધારો પેટ્રોલ અને ડિઝલમાં વધારો વધારે રહેશે જેથી અન્ય શહેરોની સરખામણીમાં બોજ વધારે આવશે. વધારાની યોજના તૈયાર કરાઈ હતી પરંતુ અગાઉ આજે આ વધારાને મોકૂફ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ મોડેથી ભાવ વધારો ઝીંકાયો હતો. આંતરરાષ્ટ્રીય ગેસોલીનની કિંમતમાં વધારો થયા બાદ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. ઈન્ટરનેશનલ ગેસોલીનની કિંમત ૫૭.૪૩ ડોલરથી વધીને બેરલદીઠ ૬૨.૮૨ ડોલર સુધી પહોંચી ગઈ હતી. ડિઝલની કિંમત ૬૦.૯૭ ડોલર સુધી પહોંચી ગઈ હતી. નવા રેટ આજે અડધીરાતથી તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યા છે જેના

● અનુસંધાન પાન-૫ પર

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો આજથી શુભારંભ

બ્લેકમની ઉપર અંકુશ મુકવાના હેતુસર સરકાર દ્વારા એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે સરકારે એક ઈ-મેઈલ આઈડી જારી કરીને બ્લેકમની અંગે માહિતી આપવા માટે લોકોને અપીલ કરી છે. પીએમ ગરીબ કલ્યાણ યોજના હેઠળ માહિતી જાહેર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. સરકારે એક ઈ-મેઈલ આઈડી જારી કરીને કહ્યું છે કે, આ ઈ-મેઈલ આઈડી પર બ્લેકમની રાખનાર લોકોની માહિતી આપી શકાય છે.

## દેશભરમાં આઈટીના ૫૮૬ દરોડા, ૨૯૦૦ કરોડ કબજે

### એક મહિનાના ગાળામાં આક્રમક કાર્યવાહી તમિળનાડુમાંથી સૌથી વધુ કુલ ૧૪૦ કરોડ પકડાયા બેંકોમાં પ્રથમ વખત આવકવેરા વિભાગના દરોડા




નવી દિલ્હી,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવ્યા બાદથી આશરે એક મહિનામાં આવકવેરા વિભાગે ૫૮૬ જગ્યાએ દરોડા પાડ્યા છે. આ દરોડામાં ઈન્કમ ટેક્સ વિભાગે ૩૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ, ૭૯ કરોડ રૂપિયાની કિંમતના ૨૦૦૦ના નવા નોટ અને ૨૬૦૦ કરોડ રૂપિયાની બિન હિસાબી રકમ જપ્ત કરવામાં આવી છે. આ રીતે આવકવેરા વિભાગે એક મહિનાની અંદર જ કુલ ૨૯૦૦ કરોડ રૂપિયા પકડી પાડ્યા છે. સૌથી વધારે રકમ તમિળનાડુમાં જપ્ત કરવામાં આવી છે. જ્યાં ટેક્સ વિભાગે ચેન્નાઈમાં એક સર્ચમાં ૧૦૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. તમિળનાડુમાંથી સૌથી વધારે ૧૪૦ કરોડ રૂપિયા પકડી પાડવામાં આવ્યા છે. ઉપરાંત ૫૨ કરોડ રૂપિયાનો સોનાનો જથ્થો પણ કબજે કરાયો છે. દિલ્હીના એક વકીલ પાસેથી ૧૪ કરોડ રૂપિયાની રકમ મળી આવી છે. આ વકીલે ઓક્ટોબર

● અનુસંધાન પાન-૫ પર

# ડિજિટલ ઈકોનોમીને જીવનશૈલી બનાવીએ : મોદી

### સંસદના શિયાળુ સત્ર પૂર્ણ થતા પહેલા કરેલા સંબોધનમાં વિપક્ષ ઉપર પ્રહાર ભાજપ-એનડીએ માટે દેશ પાર્ટી કરતા વધુ મહત્વપૂર્ણ હોવાનો દાવો : ઈન્દિરાએ નોટબંધીના સૂચનો ફગાવ્યા હતા : મોદી



નવી દિલ્હી,તા. ૧૬

સંસદનું શિયાળુ સત્ર આજે પૂર્ણ થયું હતું. શિયાળુ સત્ર પૂર્ણ થતાં પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંસદીય દળની બેઠકને સંબોધતા દેશવાસીઓને ડિજિટલ ઈકોનોમીને જીવનશૈલી બનાવવા માટે અપીલ કરી હતી. બેઠક બાદ વડાપ્રધાનના સંબોધન અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અનંતકુમારે કહ્યું હતું કે, વડાપ્રધાને દેશની જનતાને ડિજિટલ ઈકોનોમીને જીવનશૈલી તરીકે અપનાવવાની અપીલ કરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, આ ખુબ જ પારદર્શી અને પ્રભાવશાળી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, આજે ૧૬મી તારીખે બાંગ્લા વિમોચન દિવસ છે. સર્જીકલ સ્ટ્રાઈક ઉપર પ્રશ્ન ઉઠાવવાને લઈને વિરોધ પક્ષો ઉપર પ્રહારો કરતા તેમણે કહ્યું હતું કે, એ વખતે વિરોધ પક્ષો પુરાવા માંગતા ન હતા પરંતુ આજે પુરાવા માંગવામાં આવી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, પહેલા અને હવેની સરકારમાં ખુબ ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. પહેલા સત્તાપક્ષ દ્વારા કૌભાંડો કરવામાં આવતા હતા અને વિરોધ પક્ષ સંઘર્ષની સ્થિતિમાં રહેતા હતા પરંતુ આજે સત્તા પક્ષે કાળા નાણા અને ભ્રષ્ટાચારની સામે આક્રમક ઝુંબેશ હાથ ધરી છે જ્યારે

● અનુસંધાન પાન-૫ પર

# પ્રધાનમંત્રી સમક્ષ ખેડૂતોની લોન માફ કરવા કોંગ્રેસની રજૂઆત

### પ્રતિનિધિમંડળ દ્વારા મોદીની સમક્ષ શ્રેણીબદ્ધ રજૂઆત ખેડૂતોને લઘુત્તમ સમર્થન મુલ્ય વધુ આપવાની પણ માંગ : નિયમિત રીતે મળવા રાહુલને મોદીનું સૂચન



નવીદિલ્હી,તા. ૧૬

સંસદના શિયાળુ સત્રમાં છેલ્લા દિવસે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને ખેડૂતોના દેવાને માફ કરવાની અપીલ કરી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓનું પ્રતિનિધિમંડળ મોદીને મળ્યું હતું અને એક આવેદનપત્ર પણ સોંપ્યું હતું. રાહુલે આ મુલાકાત દરમિયાન ખેડૂતોને તેમના પાક પર મહત્તમ લઘુત્તમ સમર્થન મુલ્ય આપવાની પણ માંગ કરી હતી. આ ઉપરાંત રાહુલે નોટબંધી બાદ એકત્રિત થયેલી રકમને પણ ખેડૂતોના દેવા માફી માટે ઉપયોગ કરવાની માંગ કરી હતી.

મોદી સાથે વાતચીત કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા રાહુલે કહ્યું હતું કે, વડાપ્રધાને કબૂલાત કરી છે કે, ખેડૂતોની હાલત કફોડી છે. દેવા માફીની વાત પર મોદીએ કોઈ જવાબ આપ્યા ન હતા. માત્ર તેમની વાત સાંભળી હતી. તેમણે ઉમેર્યું હતું કે, અમે વડાપ્રધાનને યાદ અપાવ્યું છે કે, કઈ રીતે પંજાબ સહિત સમગ્ર દેશમાં ખેડૂતો આપઘાત કરી રહ્યા છે. રાહુલ ગાંધીની સાથે રાજ્યસભામાં કોંગ્રેસના નેતા ગુલાબ નબી આઝાદ, નાયબ નેતા આનંદ શર્મા સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોદીને ખુલ્લા પાડવા માટે રાહુલ ગાંધીમાં તાકાત નથી : કેજરીવાલ

### મોદી સામે રાહુલ કોઈ વાત જાહેર કરશે તો મોદી રોબર્ટ વાઢેરાની ધરપકડ કરાવશે તેવો ભય રહેલી છે : કેજરીવાલ

નવીદિલ્હી,તા. ૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખુલ્લા પાડવા માટેની કુશળતા રાહુલ ગાંધીમાં નથી. કોંગ્રેસના ઉપપ્રમુખ ભયભીત પણ દેખાઈ રહ્યા છે. રાહુલ ગાંધી તેમના બનેવી સામે પગલા લેવામાં આવી શકે છે તેને લઈને દહેશતમાં પણ દેખાઈ રહ્યા છે. અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, મોદી સામે રાહુલ કોઈપણ બાબતનો ખુલાસો કરી શકવાની સ્થિતિમાં નથી. કારણ કે જે દિવસે રાહુલ આવું કરશે ત્યારે મોદી રોબર્ટ વાઢેરાની ધરપકડ કરાવશે. દિલ્હીના મુખ્યમંત્રીએ રાહુલ ગાંધીની પ્રતિક્રિયા અંગે વાત કરી હતી. રાહુલે પોતાના સુચનમાં કહ્યું હતું કે, તેમની પાસો અંગત ભ્રષ્ટાચારને લઈને માહિતી છે. મોદીના ભ્રષ્ટાચારની માહિતી હોવાનો દાવો રાહુલે કર્યા બાદથી રાજકીય વર્તુળોમાં ભારે ગરમી દેખાઈ રહી છે.

## નોટબંધીને મામલે શિયાળુ સત્ર સંપૂર્ણ ધોવાઈ ગયું

### નોટબંધીના મુદ્દા ઉપર કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ તેમજ શાસક પક્ષની વચ્ચે સમગ્ર સત્ર દરમિયાન આક્ષેપબાજી

નવીદિલ્હી,તા. ૧૬

સંસદના શિયાળુ સત્રની આજે પૂર્ણાહૂતિ થઈ હતી. આની સાથે જ સંસદનું વધુ એક સત્ર ધોવાઈ ગયું હતું. ૧૬મી નવેમ્બરથી શિયાળુ સત્ર શરૂ થયું હતું પરંતુ આ વખતે આઠમી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ તેને લઈને સંસદના બંને ગૃહોમાં સતત હોબાળો રહ્યો હતો. કામગીરી ચાલી શકી ન હતી.

નોટબંધીના મુદ્દા ઉપર વડાપ્રધાનની હાજરીમાં ચર્ચાની રજૂઆતને લઈને કોંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યું હતું. લોકસભાની સાથે સાથે રાજ્યસભાની કામગીરી પણ અચોક્કસ મુદત માટે મોકૂફ કરી દેવામાં આવી હતી.


સમદર્શન આશ્રમ સેક્ટર-૧ તથા
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર
દ્વારા આયોજીત

ગીતા જ્ઞાનયજ્ઞ



: પ્રવક્તા :
પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજી
: વિષય :
કર્મયોગ (અધ્યાય-૩)
: તારીખ :
૧૭/૧૨/૨૦૧૬ થી તા. ૨૪/૧૨/૨૦૧૬
સમય : સાંજે ૬-૩૦ થી ૮-૦૦
સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
સેક્ટર-૧૨, ગાંધીનગર

જ્ઞાનયજ્ઞનો શુભારંભ તા. ૧૭/૧૨/૨૦૧૬ના રોજ સાંજે ૬-૦૦ કલાકે
મહામહિમ શ્રી ઓ.પી. કોહલી,
રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે રાખવામાં આવેલ છે.
જ્ઞાનયજ્ઞનો લાભ લેવા સર્વેને ભાવભર્યું આમંત્રણ છે.







